જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૫/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૬૬૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૨૫૬ લીટર દેશી દારૂ, ૫૧૧૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૧૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૫૪૪ બિયર ટીન, ૦૧ સ્કુટર, ૦૧ ટ્રક અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬,૯૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૬૬૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૬૬૩/૨૦૨૬**

વાડજઃ નવા વાડજ સ્વામિનારાયણ મંદિર સામે ફોર્ચ્યુન–૯૪ ખાતે રહેતા અને મજુરી કામ કરતા સંતલાલ રામપ્રસાદ ત્યાગી (ઉ.વ.૩૬) (મુળ વતન. ગામ– સોહરત સિંગ કે પુર્વા તા–જગદીશપુર અમેઠી ઉત્તરપ્રદેશ) તા.૦૮/૦૫/૨૦૨૬ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે સાઈટ ઉપર સેન્ટીંગનુ કામ કરતા હતા ત્યારે સીડી ઉપરથી નીચે પડી જતા શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે તેમને સોલા સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૯/૦૫/૨૦૨૬ રાતના ૯/૫૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેશભાઇ ચંદુભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૬૬૪/૨૦૨૬**

વાડજઃ ગંગાબહેન દેવાભાઈ સોલંકી (ઉ.વ.૬૦) (રહે. અંબિકાનગરની ચાલી ઓડનો ટેકરો બાલ હનુમાન મંદિર પાસે જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૫/૨૦૨૬ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગિરીશકુમાર શીવાભાઇ ચલાવે છે.

સાબરમતીઃ રેશમા ડો/ઓ રામકુમાર રાઠોડ (ઉ.વ.૨૦) (રહે. સરસ્વતીનગર વિભાગ–૩ ન્યુ રાણીપ સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૫/૨૦૨૬ કલાક ૧૧/૦૫ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રજનીકાંત શંકરલાલ ચલાવે છે.

વેજલપુરઃ મહેબુબમીયા ગુલામહેદર શેખ (ઉ.વ.૫૫) (રહે. મકદુમ રો–હાઉસ અહેમદનગર વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૫/૨૦૨૬ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને જુહાપુરા વિશાલા હોસ્પિટલ ખાતે લઈ જતા સારવાર દરમ્યાન તા.૦૯/૦૫/૨૦૨૬ સાંજના ૭/૪૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અજિતસિંહ દિલિપસિંહ ચલાવે છે.

અમરાઇવાડીઃ દેવેન્દ્રભાઇ ડાહ્યાભાઇ રાઠોડ (૩.વ.૨૪) (રહે. મહાલક્ષ્મીનગર જોગમાયાનગર સામે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૫/૨૦૨૬ રાતના ૧૦/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે રૂમાલ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી માનસિંહ અભેસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી